# નવસારી ભાસ્કર



## તાપમાન

| તાપમાન | દિવસ | રાત્રે |
|---|---|---|
| નવસારી | 34.5 | 27 |
| ગઈ કાલથી વધ્યુ/ઘટ્યુ | (+0.1) | (-0.4) |
| બારડોલી | 37 | 28 |
| વ્યારા | 38 | 27 |

સૂર્યાસ્ત આજે 19.10 pm | સૂર્યોદય કાલે 06.00 am

### પહેલાં ગુડ ન્યૂઝ

**વલસાડમાં કલાઇમેન્ટ ચેન્જ અંતર્ગત પ્રદર્શન યોજાશે**

વલસાડ |રાજ્ય સરકાર દ્વારા કલાઈમેટ ચેન્જ વિષયની જનજાગૃતિ લાવવા, રહેણાંકના મકાનો ઉપર સોલાર રૂફટોપ યોજનાને વેગવંતી કરવાની સાથે સરકારશ્રીની વિવિધ યોજનાઓનો બહોળો પ્રચાર થાય તે હેતુસર રાજ્યના તમામ જિલ્લાઓમાં ત્રિદિવસીય પ્રદર્શન યોજવાનું નક્કી કરાયું છે. જેના ભાગરૂપે વલસાડ જિલ્લામાં આ પ્રદર્શન નગરપાલિકા ટાઉન હોલ, વલસાડ ખાતે તા. ૨૩ થી ૨૫મી મે, ૨૦૧૭ દરમિયાન યોજાનાર છે. આ પ્રદર્શનનો જાહેર જનતાને લાભ લેવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

### ન્યૂઝ ફટાફટ

**વલસાડના વલંડી ગામના દિવાળીબેન ગુમ થયા**

વલસાડ | વલસાડ તાલુકાના વલંડી પટેલ ફળિયામાં રહેતી દિવાળીબેન ઉર્ફે દીપુ રાજેશભાઈ પટેલ તા. ૧/૫/૧૭ના રોજ રાત્રે ૧૦-૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી કોઇને કંઈપણ કહ્યા વગર જતી રહી છે જે આજદિન સુધી ઘરે પરત આવી નથી. ગુમ થનારની ઉંમર ૨૮ વર્ષ, ઊંચાઇ ૫.૩ ફૂટ, રંગે ઘઉંવર્ણ, મધ્યમ બાંધો, શરીરે લાલ કલરનું ટોપ તથા બ્લૂયુ કલરની ઈજાર સાથે પંજાબી ડ્રેસ પહેર્યો છે. ભાળ મળે તો વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

### હેપ્પી બર્થ ડે



નામ | લિશા સુનિલભાઈ પટેલ 20-05-2012 વાંસદા

**કાર્યક્રમોની માહિતી, પ્રેસનોટ અને સમાચાર માટે વોટ્સએપ અથવા ઇ-મેઇલ કરો**
**9099046217**
chetan.patel@dbcorp.in

### અંદર વાંચો


લોકભાગીદારીથી ફિટ કરેલા CCTV કેમેરા બંધ (પેજ-4)
ધરમપુરી ખાતે 9 ગામનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો (પેજ-4)


### પંચ તંત્ર



કેજરીવાલજી, આ કપીલ મીશ્રા નથી બોલતા આ તો છાપરે ચડી પાપો બોલે છે.

---

**અવઢવ | નવસારી જિલ્લામાંથી પસાર થતાં એક્સપ્રેસ-વેની જમીન સંપાદનમાં વિરોધાભાસની સ્થિતિ**

# જમીન વળતરના બદલે સંપાદનની વાંધા અરજી આવી

## સરકારને જમીનના દાવા રજૂ કરવા કહ્યું તો સામે ખેડૂતોની જમીન સંપાદનની વાંધા અરજી આવી

ભાસ્કર ન્યૂઝ | નવસારી

નવસારી જિલ્લામાંથી પસાર થતા એક્સપ્રેસ વે માટે જમીન સંપાદનનું વળતર ચૂકવવા સરકારે દાવો રજૂ કરવા કહ્યું છે ત્યાં અસરગ્રસ્ત ખેડૂતોએ દાવો રજૂ કરવાની જગ્યાએ પુનઃ વાંધા અરજી આપી જમીન આપવાની જ ના પાડતા વિરોધાભાસની સ્થિતિ પેદા થઈ છે.

સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ એક્સપ્રેસ વે નવસારી જિલ્લામાંથી જ પસાર થનાર છે. જિલ્લામાંથી કુલ 22 ગામોમાંથી પસાર થનાર હાઈવેમાં નવસારી તાલુકામાં 10 ગામો, ગણદેવી તાલુકામાં 2 ગામો તથા ચીખલી તાલુકાના 10 ગામોનો સમાવેશ થાય છે. આ તમામ ગામોના અસરગ્રસ્ત ખેડૂતો પાસે પ્રથમ જાહેર નોટીસ દ્વારા વાંધા મંગાવ્યા હતા. મોટી સંખ્યામાં યા 80થી 90 ટકા અસરગ્રસ્તોએ જમીન ન આપવાનો વાંધો રજૂ કર્યો હતો. આ વાંધા મંગાવવાની પ્રોસિજર બાદ ગત મહિને સરકારે જાહેર નોટીસ આપી જમીન સંપાદનની કાર્યવાહી માટે જમીનની કિંમત નક્કી કરવાની હોય જમીનોમાં હક હિત ધરાવનારાઓ પાસે સક્ષમ અધિકારી સમક્ષ દાવો રજૂ કરવા જણાવાયું હતું. 8મી એપ્રિલે પ્રસિદ્ધ થયેલા જમીનનો દાવો રજૂ કરવાની નોટીસ અંગે નહીંવત યા એકલદોકલ જ દાવો રજૂ થયાની જાણકારી મળી છે. નોંધનીય વાત તો એ છે કે જમીનના દાવા તો રજૂ ન થયા પરંતુ સામે અસરગ્રસ્તોએ પુનઃ ફરી એકવાર એક્સપ્રેસ વે માટે જમીન આપવી જ નથી એવી વાંધા અરજી સરકારને પકડાવી દીધી છે. 470 જેટલી વાંધા અરજી પુનઃ સક્ષમ અધિકારી પ્રાંત અધિકારી નવસારીને મળી છે. દાવાની જગ્યાએ પુનઃ વાંધા અરજી જ ...અનુસંધાન પાના નં. 2

### પુનઃ વાંધા ગેરસમજથી અપાયા

સરકારની જમીનના દાવા મંગાવવાની નોટીસ સામે પુનઃ વાંધા રજૂ કરવાનો મતલબ શું ? શું અસરગ્રસ્તોમાં ગેરસમજ થઈ છે ? આ અંગે નવસારીના ખેડૂત અગ્રણી અને સરકારની સંપાદનની કથિત ગતિવિધિના વિરોધ કરનાર નટુભાઈ એમ. નાયકે જણાવ્યું કે ખેડૂતોમાં કોઈ જ ગેરસમજ થઈ નથી. અગાઉ 80 ટકાથી વધુ અસરગ્રસ્તોએ સંપાદન સામે વાંધો નોંધાવ્યો છતાં સરકારે આ વાંધાનો જવાબ આપવાની તસદી લીધી નથી, જે ન્યાયના સિદ્ધાંતની વિરૂદ્ધ છે. ખેડૂતો પુનઃ વાંધો આપી એમ કહેવા માગે છે કે અમે સંપાદનના સખત વિરોધી છે અને પહેલા અમારા વાંધાઓનો જવાબ તો આપો.

### એક્સપ્રેસ-વેના અસરગ્રસ્ત ગામો

- **નવસારી તાલુકો** : કુરેલ, વછરવાડ, શાહુ, અંબાડા, ઉગત, ટોળી, સરપોર, બુટલાવ, કણબાડ, કંબાડા
- **ગણદેવી તાલુકો** : મટવાડ, ગણદેવા
- **ચીખલી તાલુકો** : બારોલીયા, સુંઠવાડ, દેગામ, આલીપોર, ખૂંધ, સાદકપોર, તલાવચોરા, મલિયાધરા, ઘેજ, ચરી.

---

### માવજતના અભાવે વૃક્ષોનું નિકંદન



નવસારીમાં ટાવરથી સ્ટેશન સુધીના માર્ગો ઉપર પાલિકાએ ડિવાઈડરની વચ્ચે વૃક્ષોનું રોપાણ કર્યું છે. આ વૃક્ષોમાંથી અનેક વૃક્ષો માવજતના અભાવે યા અન્ય કારણોથી તૂટી ગયાનું જોવા મળે છે. તસવીર-રાજેશ રાણા

---

## બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાતાં યુવકને ઈજા

નવસારી | વિજલપોરમાં વનગંગા સોસાયટીની સામે રોડ પર બાઈક (નં. જીજે-21-બીએ-9986)ના ચાલક સિદ્ધાર્થ લક્ષ્મણભાઈ થરાદ (રહે. મારૂતિનગર, વિજલપોર) એ પોતાનું બાઈક પૂરપાટ ઝડપે હંકારી કમલેશભાઈની બાઈકને અડફેટમાં લીધી હતી. જેને પગલે કમલેશભાઈને ઈજા પહોંચી હતી. આ ઘટનાની વનગંગા સોસાયટી વિજલપોર ખાતે રહેતા વસંતભાઈ શિવાજીભાઈ ઠાકરેએ વિજલપોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાય છે.

---

# પરિણીતા પાસે દહેજ પેટે 10 લાખની માંગ કરાતાં ફરિયાદ

## દહેજ ન આપે તો પરિણીતાને જાનથી મારી નાંખવાની ધમકી

ભાસ્કર ન્યૂઝ | નવસારી

નવસારીના શાંતાદેવી રોડ વિસ્તારમાં રહેતા સાસરિયાઓએ પરીણિતાને હેરાન પરેશાન કરી માનસિક ત્રાસ આપી છૂટાછેડા આપી દેવાની ધમકી આપી દહેજ પેટે રૂ. 10 લાખની માંગણી કરી ન આપે તો જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરિયાદ નવસારી ટાઉન પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુરતમાં રહેતા રાખીબેનના લગ્ન હાલ નવસારીમાં શાંતાદેવી રોડ વિસ્તારમાં રહેતા દેવેશકુમાર નામના યુવાન સાથે થયા હતા. રાખીબેને ટાઉન પોલીસ મથકમાં આપેલી ફરિયાદ મુજબ લગ્ન બાદ સુખી સંસારની આશામાં સાસરે પહોંચેલી રાખીબેન સાથે લગ્નના પંદરેક દિવસમાં જ સાસરિયાઓએ પોત પ્રકાશ્યું હતું. નાની નાની બાબતોમાં ભૂલ કાઢી યેનકેન પ્રકારે તેમને સાસરિયાઓએ હેરાનપરેશાન કરવાનું શરૂ કરી દીધુ હતું. મેણાટોણા મારી તથા માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. તે પછી સાથે રહેવું હોય તો સાસરિયાઓએ રૂ. 10 લાખ દહેજ પેટે માગણી કરી હતી. જો દહેજ ન આપે તો જાનથી મારી નાંખવાની ધમકી ...અનુસંધાન પાના નં. 2

---

# જર્જરિત મિલકતો માટે રાબેતા મુજબની સૂચના

## ચોમાસુ નજીક હોઈ સૂચના જારી કરાઈ

ભાસ્કર ન્યૂઝ | નવસારી

ચોમાસુ નજીક આવી રહ્યું છે તેથી નવસારી પાલિકાએ રાબેતા મુજબ જર્જરિત મિલકતો ઉતારી લેવા શહેરીજનોને સૂચના આપી છે.

નવસારીમાં હજારો મિલકતો આવેલી છે. જેમાંથી કેટલીક જર્જરિત હાલતમાં છે. આ જર્જરિત મિલકતો ખાસ કરીને ચોમાસાની મોસમમાં તૂટી પડવાનો ભય ઉભો થાય છે અને જાનહાનિની પણ શક્યતા રહે છે. આ સ્થિતિમાં નવસારી પાલિકા દર વરસે મિલકતધારકોને ઉનાળામાં ચોમાસુ નજીક હોય ત્યારે જર્જરિત મિલકતો ઉતારી પાડી ભયરહિત કરવા સૂચના આપે છે તથા લોકોને પણ આવી મિલકતોની જાણ પાલિકાને કરવા કહે છે. હવે ચોમાસુ નજીક આવી રહ્યું છે ત્યારે પુનઃ પાલિકાએ એક અખબાર યાદીમાં આવી સૂચના શહેરીજનોને આપી છે. ઉલ્લેખનીય છે કે શહેરમાં કેટલીક મિલકતો કેટલાક વર્ષોથી જર્જરિત છે અને આ મિલકતો ઉતારી પાડવાની સૂચના પાલિકાએ આપી હોવા એક યા બીજા કારણે ઉતારી પડાઈ નથી તથા પાલિકાએ પણ ભાગ્યે જ આવી મિલકતો ઉતારી હોય એ જાણમાં નથી !

---

# સ્વચ્છ નવસારીમાં સ્વચ્છતાની સૂચના નીચે જ કચરો નાંખતા લોકો

## પાલિકાની સૂચનાને કેટલાય લોકો ગણકારતા નથી

ભાસ્કર ન્યૂઝ | નવસારી

સ્વચ્છ નવસારીનું બિરૂદ મેળવનાર નવસારીમાં હજુ પણ ઘણાં લોકો સ્વચ્છતા જાળવવાની સૂચના નીચે જ કચરાનો ઢગલો કરી રહ્યા છે.

નવસારી શહેર અગાઉના સમય કરતા સ્વચ્છ બન્યું છે એમાં બેમત નથી! પાલિકાની અન કંઈક અંશે લોકોના સહકારથી ગંદકી ઓછી થતા નવસારીને પશ્ચિમ ...અનુસં. પાના નં. 2



છાપરા રોડ વિસ્તારમાં સ્વચ્છતાની સૂચના નીચે જ કચરો. તસવીર- ભદ્રેશ નાયક

---

# અંભેટામાં ઊભેલા ટ્રેક્ટરમાં અથડાતાં બાઈકચાલકનું મોત

## મરનારને છાતીના ભાગે ગંભીર ઈજા થઈ હતી

ભાસ્કર ન્યૂઝ | બીલીમોરા

અંભેટા જીઈબી પાસે રોડ સાઈડે ઉભા રહેલા એક ટ્રેકટરમાં અકસ્માતે ટ્રેકટરની પાછળના ભાગે બાઈક અથડાતા બાઈકચાલકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

મુકેશભાઈ માંદાભાઈ પટેલ (રહે. તેજલાવ, વેઠીયાવાડ, તા. ચીખલી)એ બીલીમોરા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગત 15મી મેએ તેમના ભાઈ વિજયભાઈ માંદાભાઈ પટેલ તેમની બાઈક સીડી ડીલક્સ (નં. જીજે-21-એડી-7057) ઉપર અંભેટા રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અંભેટા જીઈબી પાસે રોડ સાઈડે ઉભેલા એક ટ્રેકટરના પાછળના ભાગે તેમની બાઈક અકસ્માતે અથડાતા તેમને છાતીના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. તેમને સ્થાનિકોએ ચીખલીની હોસ્પિટલમાં દાખલ કર્યા હતા ત્યાંથી વધુ સારવાર અર્થે તેમને નવસારી ખાતે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ બાબતની મુકેશભાઈ પટેલે બીલીમોરા પોલીસમાં ફરિયાદ કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

# પ્રકાશ ટોકીઝ સામે મેદાનમાં જુગાર રમતાં ત્રણ ઝડપાયા

## પોલીસ જોઈ ભાગી જનારા ત્રણને વોન્ટેડ જાહેર કરાયા

ભાસ્કર ન્યૂઝ | નવસારી

નવસારીમાં પ્રકાશ ટોકીઝની બાજુમાં આવેલા ખુલ્લા મેદાનમાં ગંજીપાનાનો તીનપત્તીનો હારજીતનો જુગાર રમી રહેલા ત્રણને એલીબીની ટીમે ઝડપી પાડી તેમની પાસેથી રોકડા રૂ. 42930 સાથએ કુલ રૂ. 58930ની કિંમતનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ ટાઉન પોલીસને સુપરત કરી છે. જ્યારે પોલીસને જોઈ ભાગી જનારા ત્રણને પોલીસે વોન્ટેડ જાહેર કરી તેમની તપાસ હાથધરી છે.

નવસારી એલસીબી પીઆઈ ડી.એન. પટેલને જિલ્લા પોલીસવડા એમ.એસ. ભરાડાએ જિલ્લામાં જુગારની પ્રવૃત્તિ અટકાવવા માટે સૂચના આપી હતી. તેના સંદર્ભમાં નવસારી એલસીબી ટીમે કામગીરી હાથ ધરી હતી. દરમિયાન હે.કો. ઈશ્વરસિંહ રામચરિત્ર અને પો.કો. ધવલ દેવદત્તભાઈને બાતમી મળી હતી કે નવસારી પ્રકાશ ટોકીઝ સામે ખુલ્લા .અનુસં. પાના નં. 2

---

## મહિલાએ ઊંઘની ગોળીઓ વધુ પ્રમાણમાં ગટગટાવી

નવસારી | જલાલપોર તાલુકાના કૃષ્ણપુર ગામે બંદર ફળિયામાં રહેતા વિકાસીબેન વિપુલભાઈ ટંડેલ (ઉ.વ. 30)એ કોઈ અગમ્ય કારણસર ઉંઘની ગોળી વધુ ખાઈ જતા તેને તાત્કાલિક 18મી મેના રોજ રાત્રે પારસી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી છે. આ ઘટના સંદર્ભે હોસ્પિટલના ડો. હિતેન્દ્રભાઈએ જલાલપોર પોલીસને જાણ કરતા પોલીસે તેની નોંધ લઈ વધુ તપાસ જમાદાર દિલીપભાઈ ઉત્તમભાઈ કરી રહ્યા છે.

---

# બીલીમોરા નજીક ધોલાઈમાં જૂની અદાવતમાં મારામારી

## ખાણખનીજ વિભાગે રેતી ખનન પર રેડ કરતા અદાવત હતી

ભાસ્કર ન્યૂઝ | બીલીમોરા

બીલીમોરા નજીકના ધોલાઈ ગામે અગાઉ થયેલી ખાણખનીજ વિભાગની કાર્યવાહી બાબતે અદાવત રાખી મારામારી થતા ધોલાઈ મરીન પોલીસે રાયોટિંગનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ધોલાઈ મરીન પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર નવસારી ખાણખનીજ વિભાગ દ્વારા થોડા સમય અગાઉ કાંઠા વિસ્તારમાં ગેરકાયદે રીતે ચાલતી રેતીખનનની પ્રવૃત્તિ અટકાવવા માટે કાર્યવાહી કરવામાં આવી હતી. તેની અદાવત રાખી ઈન્દર બાબુલાલ મહતુ (ઉ.વ. 47, રહે. ધોલાઈ, અંબિકા નદીના તટમાં, જિંગા તળાવ સામે, ધોલાઈ, મૂળ રહે. ઝારખંડ)ને ભંગીયાભાઈ તેમજ બીજા 10થી 12 જેટલા શખ્સોએ ધોલાઈ સાલાબેટ ફળિયા, અંબિકા નદીના તટમાં, જિંગા તળાવ પાસે હુમલો કરી તેન પીઠના ભાગે લાકડાના ડંડા મારી તેમજ બીજાને ઢીકમુક્કીનો માર મારી ઈજા પહોંચાડી ...અનુસંધાન પાના નં. 2

---

**ભાસ્કર વિશેષ | બીલીમોરામાં રોડની કામગીરી વેળા કેબલો કપાયા, અગાઉ ગેસની લાઇનમાં ભંગાણ પડ્યું હતું**

# BSNLના કેબલો કપાતાં બેંકિંગ સેવાને અસર

ભાસ્કર ન્યૂઝ | બીલીમોરા

બીલીમોરા શહેરમાં છેલ્લા કેટલાય સમયથી ચાલતા રોડના નવિનીકરણના કામકાજમાં ખોદકામ વેળા બીએસએનએલના કેબલો કપાતા બીએસએનએલને લાખોનું નુકસાન પહોંચ્યું છે. કેબલ કપાતા બીએસએનએલ બ્રોડબેન્ડ કનેકટીવિટી ખોટકાતા બેંકના બેંકિંગ વ્યવહારો ઉપર અસર પહોંચી હતી. આ અગાઉ ગેસની લાઈનમાં ભંગાણ પડતા 700 કનેક્શનને અસર થઇ હતી.

બીલીમોરા નગરપાલિકા દ્વારા હાલ શહેરમાં રોડના નવિનીકરણનું કામકાજ કરવામાં આવી રહ્યું છે. હાલ કરોડો રૂપિયાના ખર્ચે સોમનાથ રોડ અને જવાહર રોડ નવા બનાવવામાં આવી રહ્યા છે. જેમાં હાલ રોડની બંને સાઈડે વરસાદી પાણીના નિકાલ માટેની ગટર લાઈન નાંખવા ખોદકામ કરતી વેળા બીએસએનએલના કેબલોને નુકસાન પહોંચ્યું છે. જેમાં 800 પેરનો 1 કેબલ, 400 પેરના બે કેબલ, 100 પેરના બે કેબલ તથા 50 પેરનો એક કેબલ કપાઈ જતા બીએસએનએલને અંદાજિત રૂ. 5 લાખનું નુકસાન વેઠ્યું છે. કેબલો કપાતા ઘણાં ફોન મૂંગામંતર બન્યા હતા. જ્યારે બીએસએનએલની બ્રોડબેન્ડ કનેકટીવિટીને પણ માઠી અસર પહોંચવા પામી છે. જેના કારણે બીલીમોરાની દેના બેંક, વિજ્યા બેંક, ઈન્ડિયન ઓવરસીસ બેંક, બેંક ઓફ બરોડા, કોર્પોરેશન બેંક, બેંક ઓફ ઈન્ડિયાના બ્રોડબેન્ડ કનેકટીવિટી ખોટકાતા આ બેંકના રોજિંદા બેંકિંગ વહેવારો અને ક્લીયરિંગ પર બે દિવસથી માઠી અસર પહોંચવા પામી છે. આ ઉપરાંત બીલીમોરા પોલીસ સ્ટેશનની બ્રોડબેન્ડ કનેકટીવિટી તેમજ ખાનગી ઉપભોગતાવાળા ગ્રાહકોની પણ સેવા ખોટકાઈ હતી. હાલ ચાલી રહેલા બીલીમોરા સોમનાથ રોડ અને સ્ટેશન જવાહર રોડ પશ્ચિમ તરફ 2.50 કરોડ કરતા વધુના ખર્ચે બનાવવામાં આવી રહ્યા છે. જેના કામકાજ વેળા આડેધડ ખોદકામ કરવામા આવતા ઘણી જગ્યાએ ઘણી સમસ્યા સર્જાવા પામી છે.



### કેબલોના જોડાણનું કામ ચાલી રહ્યું છે

રોડના હાલના ચાલી રહેલા કામકાજમાં ખોદકામ વેળા બીએસએનએલના ઘણાં કેબલો કપાતા બીએસએનએલને રૂ. 5 લાખ જેટલું નુકસાન થયું છે. જ્યારે બ્રોડબેન્ડ કનેકટીવિટી ખોટકાતા બેંકિંગ વ્યવહારોને તેમજ ખાનગી ઉપભોગતાઓને પણ અસર પહોંચી છે. જેને બીએસએનએલની ટીમ લગાતાર આ કપાયેલા કેબલોનું જોડાણ અર્થે કામ કરી રહી છે. » **એસ.એન. પટેલ,** એસડીઓટી, બીલીમોરા બીએસેએનએલ

---

## નવસારીમાં શુક્રવારે તાપમાન 34.5 ડિગ્રી

ભાસ્કર ન્યુઝ | નવસારી

નવસારીમાં આજે શુક્રવારે સવારે લઘુત્તમ તાપમાન 27 ડિગ્રી અને બપોરે મહત્તમ તાપમાન 34.5 ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે 85 ટકા અને બપોરે 62 ટકા રહ્યું હતું. પવન સરેરાશ 10.8 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ-પશ્ચિમ દિશાનો રહ્યો હતો. હાલમાં નવસારીમાં બપોરના સમયે મહતમ તાપમાન 35 ડિગ્રીની આસપાસ રહે છે પરંતુ કેજનું પ્રમાણ વધુ હોવાના કારણે લોકોને બફારો થતાં પરસેવે રેબઝેબ થઇ રહ્યા છે.

---

# મોબાઈલ મેસેજને લઈ કૃષ્ણપુરમાં ચપ્પુથી હુમલો

## ખોટા મેસેજ મોકલવા બાબતે ઝઘડો થયો

ભાસ્કર ન્યૂઝ | નવસારી

જલાલપોર તાલુકાના કૃષ્ણપુર ગામે રામફળિયામાં મોબાઈલ પર ખોટા મેસેજ મોકલવા બાબતે ઝઘડો કરી પતિ-પત્નીને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી ચપ્પુ વડે ઈજા પહોંચાડવાની ઘટનામાં જલાલપોર પોલીસ મથકમાં મહિલાએ ફરિયાદ આપી છે.

કૃષ્ણપુર ગામે લગ્નપ્રસંગે હાજરી આપવા ગયેલા વિજલપોરમાં રહેતા હિતિક્ષાબેન ટંડેલ તથા તેમના પતિ ભવસાગર ટંડેલ સાથે કૃષ્ણપુર રામ ફળિયામાં રહેતા વિમલ રમેશ ટંડેલ, સતીષભાઈ, વિકાસીબેન સતીષભાઈ ટંડેલ, પુષ્પાબેન રમેશભાઈ ટંડેલ વગેરે સાથે ઝઘડો થયો હતો. હિતિક્ષાબેનના પતિ સાથે મોબાઈલ ઉપર ખોટા મેસેજ મોકલવા બાબતે અગાઉ પણ માથાકૂટ થઈ હતી. તેના કારણે આરોપીઓએ હિતિક્ષાબેન તથા તેમના પતિ સાથે ઝઘડો કરી ગાળ બોલી ઢીકમુક્કીનો માર માર્યો હતો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હિતિક્ષાબેનના પતિને ચપ્પુનો ઘા કરી ઈજા પહોંચાડતા તેમણે જલાલપોર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.